**સમગ્ર વાતાવરણ ભક્તિ, આનંદ અને સમરસતાના રંગોમાં રંગાઈ ગયું**

# VYOના હોળી રસિયા-ફૂલ ફાગ ઉત્સવમાં 8,000થી વધુ ભાવિકજનોએ લીધો લાભ

**વૈષ્ણવાચાર્ય** વ્રજરાજકુમાર મહોદયના સાનિધ્યમાં માંજલપુર પંચશીલ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આયોજન



(પ્રતિનિધિ) વડોદરા તા.23

કલા અને સંસ્કારી નગરી વડોદરામાં વસંતોત્સવની ભાવભીની ઉજવણીરૂપે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) વડોદરા તથા વ્રજધામ આધ્યાત્મિક સંકુલના તત્વાવધાનમાં હોલી રસિયા સંગ ફૂલ ફાગ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

શહેરના માંજલપુર સ્થિત પંચશીલ ગ્રાઉન્ડ ખાતે રવિવાર સાંજે 5:30 કલાકે યોજાયેલા આ ઉત્સવમાં 8,000થી વધુ ભાવિકજનોએ ભાગ લઈને આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો. આ કાર્યક્રમ વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયના મંગલ સાનિધ્યમાં અને કૌશિકભાઈ તથા રચનાબેન શાહ પરિવારના મનોરથ સ્વરૂપે આયોજિત થયો હતો. વ્રજ પ્રસિદ્ધ પારંપરિક રસિયાની સુરાવલી, ફૂલ ફાગની રમઝટ અને વસંત વિહારી શ્રીકૃષ્ણ પ્રભુની દિવ્ય લીલાઓના સ્મરણ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિ, આનંદ અને સમરસતાના રંગોમાં રંગાઈ ગયું હતું. ઉત્સવમાં શહેરના રાજકીય અને સામાજિક અગ્રણીઓ વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મેયર પિન્કીબેન સોની, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ડૉ. શીતલભાઈ મિસ્ત્રી, ડેપ્યુટી મેયર ચિરાગભાઈ બારોટ, શહેર ભાજપ પ્રમુખ ડૉ. જયપ્રકાશ સોની, મહામંત્રી લકુલેશભાઈ ત્રિવેદી, કોષાધ્યક્ષ તેજસભાઈ દેસાઈ, ચિરાગભાઈ ફણસે, કલપેશભાઈ પટેલ તથા સુરુતાબેન પ્રધાન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે વ્રજરાજકુમાર મહોદયએ આશીર્વચન આપ્યા હતા, જેના લાભથી ભાવિકજનો ભાવવિભોર બન્યા હતા. કાર્યક્રમ અંતે સર્વે ભાવિકજનો માટે ભોજન પ્રસાદીનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# દિવ્યાંગ મહિલાઓના સશક્તિકરણ માટે રોજગાર મેળો યોજાયો

પ્રતિનિધિ ) વડોદરા તા.23

સ્વસ્થ કેમ્પસ NGO અને રાષ્ટ્રીય કારકિર્દી સેવા કેન્દ્રની સંયુક્ત પહેલ દિવ્યાંગ મહિલાઓના ઉત્થાન અને તેમને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્ય સાથે સ્વસ્થ કેમ્પસ NGO તથા રાષ્ટ્રીય કારકિર્દી સેવા કેન્દ્ર, સરકારી શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સંયુક્ત રીતે દિવ્યાંગ મહિલાઓ માટે વિશેષ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રોજગાર મેળો રાષ્ટ્રીય કારકિર્દી સેવા કેન્દ્ર, પેન્શનપુરા, સરકારી વિભાગ, વડોદરા ખાતે યોજાયો હતો, જેમાં 25થી વધુ દિવ્યાંગ મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં CROMA (TATA એન્ટરપ્રાઈઝ) દ્વારા દિવ્યાંગ મહિલાઓને નોકરીની તક આપવામાં આવી, જે સમાજમાં સમાવેશ અને સમાનતાનો ઉત્તમ ઉદાહરણ છે.

**સમાજ માટે સંદેશ**

આ પ્રસંગે જણાવવામાં આવ્યું હતું કે, CROMA (TATA એન્ટરપ્રાઈઝ) જેવી કંપનીઓ દ્વારા દિવ્યાંગ મહિલાઓને રોજગારની તક આપવી એ એક પ્રેરણાદાયક પગલું છે. અન્ય કોર્પોરેટ કંપનીઓને પણ દિવ્યાંગ વ્યક્તિઓને નોકરીની તક આપવા અપીલ કરવામાં આવી હતી, જેથી



એક સમાવિષ્ટ અને સંવેદનશીલ સમાજનું નિર્માણ શક્ય બને. સ્વસ્થ કેમ્પસ NGO દ્વારા તમામ કોર્પોરેટ કંપનીઓને આગળ આવી દિવ્યાંગ વ્યક્તિઓને રોજગારની તક આપવા આમંત્રણ આપવામાં આવ્યું છે, જેથી તેઓ સ્વતંત્ર બની આત્મસન્માન સાથે જીવન જીવી શકે. સ્વસ્થ કેમ્પસ NGO દિવ્યાંગ વ્યક્તિઓ, મહિલાઓ, યુવાનો, વરિષ્ઠ નાગરિકો સહિત સમાજના વિવિધ વર્ગો માટે માનવતાલક્ષી સેવા પ્રોજેક્ટ્સમાં સક્રિય રીતે કાર્યરત છે. સમાજ અને માનવતા માટેના વિશિષ્ટ યોગદાન બદલ આ એનજીઓને 30 પ્રતિષ્ઠિત પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવી છે.

# પાદરાના હરણમાળ ગામે બાઈક ટક્કરે અઢી વર્ષના બાળકને ગંભીર ઈજા

(પ્રતિનિધિ) પાદરા, તા.23

પાદરા તાલુકાના હરણમાળ ગામે બેદરકારીપૂર્વક ચલાવાયેલી મોટરસાયકલની ટક્કરથી અઢી વર્ષના બાળકને ગંભીર ઈજા પહોંચ્યાની ઘટના સામે આવી છે. બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ હરણમાળ, મોરી વગામાં ફરીયાદી જિતેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ મોરી (પરમાર) ના ઘરનાં આંગણામાં આવેલ કાચા રસ્તા પર તેમનો દિકરો જીયાનકુમાર (ઉ.વ. અઢી વર્ષ) રમતો હતો. તે દરમિયાન ફળીયામાં રહેતા આરોપી અમરસિંગભાઈ ભીખાભાઈ મોરીએ પોતાના કબ્જાની હીરો હોન્ડા સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ ભયજનક અને પુરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવી બાળકને ટક્કર મારી હતી. ટક્કર લાગતા બાળક જમીન પર પડી જતા માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશન એમ.વી. એક્ટ કલમ હેઠળ ગુનો નોંધાયો છે. વડુ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે અર્થપૂર્ણ સંવાદને પ્રોત્સાહન આપવામાં આવ્યું**

# સોશિયલ વર્ક ફેકલ્ટી દ્વારા 28મુ વાર્ષિક એચ,આર સંમેલન યોજાયું

**AI યુગમાં** માનવીય ધાર - બુદ્ધિમત્તામાં વધારો, માનવતાનું રક્ષણ : HR ની વ્યૂહાત્મક ભૂમિકા



(પ્રતિનિધિ) વડોદરા તા.23

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સમાજ કાર્ય ફેકલ્ટી દ્વારા ડો.બી. આર. આંબેડકર હોલ, એનેક્સી બિલ્ડિંગ ખાતે 28મા વાર્ષિક એચઆર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલન સમકાલીન અને અત્યંત સુસંગત થીમ AI યુગમાં માનવીય ધાર, બુદ્ધિમત્તામાં વધારો, માનવતાનું રક્ષણ : HR ની વ્યૂહાત્મક ભૂમિકા પર કેન્દ્રિત હતું. આ કાર્યક્રમ કુલપતિ પ્રો.ડો. ભાલચંદ્ર મહાદેવ ભાણગેના આશ્રય હેઠળ યોજાયો હતો.

સંમેલનના ડિરેક્ટર્સ, પ્રો.ડો. સુનિતા નાંબિયાર, ડીન અને હેડ, ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક, અને પ્રો. ડો. ભાવના મહેતા, ડિરેક્ટર IQAC અને પરીક્ષા નિયંત્રક, એ સંમેલનને માર્ગદર્શન અને નેતૃત્વ પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમ સલાહકાર અને આયોજન સમિતિઓ તેમજ વિદ્યાર્થી પ્રવૃત્તિ સેલ દ્વારા કાળજીપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેપસ્ટોન પીપલ કન્સલ્ટિંગ, મુંબઈના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ડો. સુજયા બેનર્જી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમના મુખ્ય ભાષણમાં તેમણે AI-સંચાલિત ભવિષ્યમાં નેવિગેટ કરવામાં HR વ્યાવસાયિકોની વ્યૂહાત્મક અને નૈતિક ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમને લાઈફટાઈમ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. માનવ સંસાધન ક્ષેત્રમાં તેમના અનુકરણીય યોગદાન બદલ સિદ્ધિ પુરસ્કાર. સંમેલનમાં પ્રતિષ્ઠિત નેતાઓ અને સંગઠનોનું સન્માન કરીને ઉત્કૃષ્ટતાની ઉજવણી પણ કરવામાં આવી હતી. ઈસ્ટ લાઈટ હોટેલ ઈન્ડિયા લી.ના મેનેજિંગ ડિરેક્ટર યોગેશ ટી. જોશીને તેમની ઉત્કૃષ્ટ વ્યાવસાયિક સિદ્ધિઓ અને હોસ્પિટાલિટી ક્ષેત્રમાં યોગદાન બદલ પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે વડોદરા મંડળના બે કર્મચારીઓને સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા

**વેગનની** સંપૂર્ણ તપાસ કરવામાં આવી અને તેની અસુરક્ષિત સ્થિતિને ધ્યાનમાં રાખીને તેને દૂર કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.23

રેલવેના સંચાલનમાં સંરક્ષા સર્વોપરિ હોય છે અને તેની ખાતરી કરવા માટે દરેક કર્મચારીની સજગતા અને સતર્કતા અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (પ્રભારી) શ્રી પ્રદીપ કુમારે વડોદરા મંડળના બે રેલ કર્મચારીઓને તેમના ઉત્કૃષ્ટ કાર્યો માટે "મેન ઓફ દ મન્થ" સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. આ પુરસ્કારો જાન્યુઆરી 2026 દરમિયાન ડ્યુટી પર રહીને સતર્કતા દર્શાવવા અને સંભવિત દુર્ઘટનાઓને સમય રહેતા અટકાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે આપવામાં આવ્યા. પુરસ્કાર મેળવનાર કર્મચારી (1) અનૂપ કુમાર મીના, પશ્ચિમ રેલવેના વડોદરા મંડલના ગોધરા ગુડ્સ લોકો પાયલટના પદે કાર્યરત છે. તારીખ 03.01.2026ના રોજ TSSWમાં, ટ્રેનના સાઈડ બેરરની GDR તપાસ દરમિયાન, વેગન તેની નિશ્ચિત સ્થિતિથી ખસી ગઈ હોવાનું જણાયું, જે આગળના સંચાલન માટે અસુરક્ષિત હતી. તેથી ઉપરોક્ત ટ્રેનને આગળ ચલવા માટે અનુપયોગી જાહેર કરીને સંબંધિત વેગનને ટ્રેનમાંથી અલગ કરી દેવામાં આવી. આ બાબતે તાત્કાલિક સ્ટેશન માસ્ટર-બનાકબોરી અને કંટ્રોલ- વડોદરાને જાણ કરવામાં આવી. વેગનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી અને તેની અસુરક્ષિત સ્થિતિને ધ્યાનમાં રાખીને તેને દૂર કરવામાં આવ્યું. તેમની સમયોચિત, સતર્ક અને જવાબદાર કાર્યવાહીથી કાર્ય પ્રત્યે તેમની તત્પરતા અને ઈમાનદારી પ્રતિબિંબિત થાય છે.

**પંચ પરિવર્તનના ધ્યેય સાથે સમાજ જાગૃતિનો સંદેશ ફેલાવાશે**

# દેવનગર-વાસણા સર્વ હિંદુ સમાજ સમિતિ દ્વારા વિશાળ હિંદુ સંમેલન

(પ્રતિનિધિ) વડોદરા તા.23

દેવનગર અને વાસણા સર્વ હિંદુ સમાજ સમિતિ દ્વારા હરેકૃષ્ણ નગર, વિવેકાનંદ વિસ્તાર, વડોદરા ખાતે વિશાળ હિંદુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં મુખ્ય વક્તા તરીકે ઘુમંતુ સંયોજક, વડોદરા વિભાગના ભરતસિંહ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. સંબોધન દરમ્યાન તેમણે જણાવ્યું હતું કે, ભારતના નાગરિક તરીકે આપણા પણ કેટલાક કર્તવ્યો છે અને આપણે પંચ પરિવર્તનના ધ્યેય સાથે કાર્ય કરવું જોઈએ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાને 100 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે તેમણે સંઘની યાત્રા વિષે વાત કરતા જણાવ્યું હતું કે, 1925માં શરૂ થયેલો સંઘ ટૂંકા સમયગાળામાં અખંડ ભારતભરમાં વિસ્તરી ગયો હતો. સંઘના સ્થાપક ડો. કેશવ બલિરામ હેડગેવારજીના



વિચારોનું સ્મરણ કરતા તેમણે સંસ્કારોથી સમાજનું ઘડતર થતું હોવાનું જણાવ્યું હતું.

સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, બાળકોના સંસ્કાર પર વિશેષ ધ્યાન આપવું જોઈએ, સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ વધારવો જોઈએ, વાયુ પ્રદૂષણ ઘટાડવા વૈદિક હોળી દહન કરવું જોઈએ અને પ્લાસ્ટિકનો ત્યાગ કરવો જોઈએ. વધુ વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણનું જતન કરવું અને અસ્પૃશ્યતા ત્યજી સામાજિક સમરસતા જાળવવી એ સર્વ હિંદુ નાગરિકનું કર્તવ્ય છે. આ સંમેલનમાં અતિથિ તરીકે પુ. શ્રી સેવા વિલાસ સ્વામી (ઈસ્કોન મંદિર, હરિનગર) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે, નાના માં નાના જીવ પ્રત્યે પણ દયા ભાવ રાખવો જોઈએ. શ્રીમદ્ ભગવદ ગીતા માનવ જીવનમાં સંસ્કારોનું સિંચન કરે છે અને તેમણે સુંદર ઉદાહરણો દ્વારા ગીતા મહાત્મ્ય સમજાવ્યું હતું. કાર્યક્રમના સંયોજક પ્રવીણભાઈ પ્રજાપતિએ હિંદુ સમાજમાં જાગૃતિ લાવી સામાજિક એકતા વધુ મજબૂત બને તે દિશામાં કાર્ય કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.હિંદુ સંમેલનની શરૂઆત ગણેશ વંદનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ વંદેમાતરમ ગીત, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

# સુવિધા શૂન્ય અને વેરો પૂર્ણ ? છાણી એકતાનગરમાં પાલિકાની ટીમ સામે રહીશોનો હુંકાર, પહેલા રોડ-ગટર આપો, પછી વેરો લો

વડોદરા : વડોદરા મહાનગરપાલિકા દ્વારા બાકી વેરાની વસૂલાત માટે આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. જે અંતર્ગત શહેરના વોર્ડ નંબર 2 માં આવતા છાણી વિસ્તારના એકતાનગર ખાતે રેવન્યુ ડિપાર્ટમેન્ટની ટીમ ત્રાટકી હતી. જોકે, અહીં તંત્ર અને જનતા વચ્ચે ઘર્ષણ જેવી સ્થિતિ જોવા મળી હતી, જ્યાં રહીશોએ સુવિધા આપો તો જ વેરો ભરીશું તેવો સ્પષ્ટ સૂર ઉચ્ચાર્યો હતો. રેવન્યુ



ડિપાર્ટમેન્ટના અધિકારી ક્રિષ્ના ગોયલ અને તેમની ટીમ એકતાનગરના કુલ 85 ઘરોના બાકી વેરાની વસૂલાત માટે સ્થળ પર પહોંચ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર ટીમ દ્વારા ઘરે-ઘરે જઈને લોકોને વેરો ભરવા સમજાવવામાં આવ્યા હતા, જેના પરિણામે 85 માંથી 30 મકાન માલિકોએ સ્થળ પર જ પોતાના બાકી વેરાની રકમ જમા કરાવી દીધી હતી. બીજી તરફ સ્થાનિકોનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. રોડ, ગટર અને પાણી આપો, પછી વેરો લો. એક તરફ જ્યારે વસૂલાત ચાલી રહી હતી, ત્યારે બીજી તરફ મોટી સંખ્યામાં રહીશોએ એકઠા થઈને પાલિકાની કામગીરી સામે વાંધો ઉઠાવ્યો હતો.

# વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન કામદાર કર્મચારી યુનિયન (સીટુ) ના હોદ્દેદારોની વરણી

વડોદરા : વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન કામદાર કર્મચારી યુનિયન (સીટુ) ની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં યોજાઈ હતી. આ સભામાં યુનિયનના વર્ષ 2026 માટેના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સભાની શરૂઆતમાં એડી. સેક્રેટરી ધનજીભાઈ પરમારે વાર્ષિક રિપોર્ટ રજૂ કર્યો હતો અને ગણેશ વૈરાડે દ્વારા હિસાબોની વિગતો રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ 2026 ના કાર્યકાળ માટે હોદ્દેદારો ચૂંટાઈ આવ્યા હતા. નવ નિયુક્ત હોદ્દેદારોએ આગામી સમયમાં કર્મચારીઓના પ્રશ્નો અને હિતો માટે સક્રિયપણે કાર્ય કરવાની નેમ વ્યક્ત કરી હતી. ચૂંટાયેલા હોદ્દેદારોમાં 1.જનરલ સેક્રેટરીઃ બળદેવ પટેલ 2.પ્રમુખઃ ચેતન પંડ્યાએડી. સેક્રેટરીઃ 3.ધનજીભાઈ પરમાર 4.ખજાનચીઃ ગણેશ વૈરાડે 5.સંગઠન મંત્રીઃ રસેષ કોઠારી મંત્રીઃ રશ્મિકા ઠક્કરનો સમાવેશ થાય છે.

**અત્યાર સુધીમાં 30 હજાર કોલ્સ દ્વારા ગ્રાઉન્ડ રિયાલિટી ચકાસાઈ**

# સ્વચ્છતા સર્વેક્ષણમાં વડોદરાને નંબર-1 બનાવવા કમિશનરનો 'પ્લાન' રોજ 1000 નાગરિકોને ફોન કરી લેવાશે ફીડબેક

**500** દિવસમાં 5 લાખ શહેરીજનોનો સીધો સંપર્ક કરી સફાઈ વ્યવસ્થામાં ધરમૂળથી ફેરફાર કરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.8

સ્વચ્છતા સર્વેક્ષણમાં વડોદરા મહાનગરપાલિકાની છબી સુધારવા અને રેન્કિંગમાં મોખરે સ્થાન મેળવવા માટે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ દ્વારા સફાઈની કામગીરીને વધુ અસરકારક બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વડોદરાને સ્વચ્છ રાખવાના આ મિશનમાં હવે સીધો જનતાનો સહયોગ અને પ્રતિસાદ લેવામાં આવી રહ્યો છે. છેલ્લા એક મહિનાથી કોર્પોરેશન દ્વારા દરરોજ 1000 નાગરિકોને ફોન કરીને તેમના વિસ્તારની સફાઈ અને ડોર-ટુ-ડોર કલેક્શન અંગેના સૂચનો તથા ફરિયાદો મેળવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનરની નેમ છે કે વડોદરા સફાઈના મામલે રાજ્ય અને દેશમાં ઉદાહરણરૂપ બને. આ હેતુથી પાલિકાના કોલ સેન્ટર અને આઈટી વિભાગ સહિતના વિવિધ વિભાગોને કામે લગાડવામાં આવ્યા છે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં અંદાજે 30,000 જેટલા નાગરિકોનો ટેલિફોનિક સંપર્ક કરવામાં આવ્યો છે. આ અભિયાન માત્ર ટૂંકા ગાળા માટે નહીં, પરંતુ આગામી 500 દિવસ સુધી અવિરતપણે ચલાવવાનું આયોજન છે. આ સમયગાળા દરમિયાન અંદાજે 5 લાખ નાગરિકોના મંતવ્યો મેળવીને તેના આધારે શહેરની સફાઈ વ્યવસ્થાનું નવું માળખું તૈયાર કરવામાં આવશે. પાલિકા દ્વારા પ્રોપર્ટી ટેક્સના બિલમાં નોંધાયેલા મોબાઈલ નંબર અને અગાઉ વિવિધ સ્તરે મળેલી ફરિયાદોના ડેટાબેઝનો ઉપયોગ કરીને સામાન્ય નાગરિકો સુધી પહોંચવામાં આવી રહ્યું છે. ફોન કો લ્સ દરમિયાન નાગરિકો પાસેથી સેનેટરી કામગીરી ક્યાં યોગ્ય રીતે થાય છે અને ક્યાં વધુ સુધારાની જરૂર છે તેની વિગતો મેળવવામાં આવે છે. ખાસ કરીને જે વિસ્તારોમાં ગંદકીનું પ્રમાણ વધુ હોય અથવા જ્યાંથી નાગરિકોની ફરિયાદો વધુ મળી હોય, તેવા સ્પોટ પર વિશેષ તકેદારી રાખવા માટે કડક સૂચનાઓ આપવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયાના મોનિટરિંગ માટે દર મંગળવારે રિવ્યુ બેઠકનું આયોજન કરવામાં આવે છે. આ બેઠકમાં જે વિસ્તારના અધિકારી કે કર્મચારીની કામગીરી નબળી જણાય અથવા જ્યાંથી સતત ફરિયાદો આવતી હોય, તેમને સફાઈ બાબતે ગંભીરતા દાખવવા તાકીદ કરવામાં આવે છે. બીજી તરફ, જે વિસ્તારોમાં સફાઈની ઉત્કૃષ્ટ કામગીરી જોવા મળે છે,

**ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ**
ભારત સરકારનું (રેલવે મંત્રાલય) સાહસ

**ઈ-ટેન્ડર આમંત્રિત કરતી નોટિસ**

ચીફ જનરલ મેનેજર/વડોદરા, DFCCIL વતી નિર્ધારિત ફોર્મ પર નીચેના કામના અમલીકરણ માટે જરૂરી અનુભવ અને નાણાકીય ક્ષમતા ધરાવતી ફર્મ્સ/કંપનીઓ પાસેથી સિંગલ પેકેટ સિસ્ટમ પર ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે:- ઈ-ટેન્ડર નંબરઃ ST-EN-BALA-MPRN-BHETN-333, કામનું નામઃ "GM/CO/DFCCIL/સુરતના અધિકારક્ષેત્ર હેઠળ સચિન (Km 286.867) થી ન્યુ મકરપુરા (Km 425.000) વચ્ચે મશીનથી ક્રશ કરેલા પથ્થરના બેલાસ્ટ (કપચી) પૂરા પાડવા, થપ્પી કરવી, લોડિંગ/અનલોડિંગ અને પાથરવાનું કામ." અંદાજિત ખર્ચઃ રૂ. 3,56,94,808.64 /- (GST સહિત) (રૂપિયા ત્રણ કરોડ છપ્પન લાખ ચોરાણું હજાર આઠસો આઠ અને ચોસઠ પૈસા પૂરા). કામ પૂર્ણ કરવાનો સમયગાળોઃ 1 વર્ષ, ટેન્ડર ફીઃ શૂન્ય (NIL) બાનાની રકમ (Earnest Money): રૂ. 3,28,500/- (રૂપિયા ત્રણ લાખ અઠ્ઠાવીસ હજાર પાંચસો પૂરા). ઓફરની માન્યતાઃ ટેન્ડરની ટેકનિકલ બિડ ખુલ્યાની તારીખથી 120 દિવસ. ઓફિસ ઇન-ચાર્જ અને હેલ્પડેસ્કઃ 1. શ્રી વિજય કુમાર (DY.PM/Civil/MPRN), ફોનઃ +91-7490021483, ઈમેલઃ vijaykumar@dfcc.co.in 2. શ્રી રાજેશ વી મિશ્રા (Dy. CPM/Engg/BRC), ફોનઃ +91-8511165907, ઈમેલઃ rajeshmishra@dfcc.co.in, IREPS હેલ્પડેસ્કઃ 011-23761525, NIT અને ટેન્ડર દસ્તાવેજ પ્રસિદ્ધ કરવાનો સમય અને તારીખઃ NIT અને ટેન્ડર દસ્તાવેજ 08.02.2026ના રોજ 18.10 કલાકથી IREPS વેબસાઇટ અને DFCCIL પર જોઈ શકાશે. ટેન્ડર દસ્તાવેજ સબમિટ કરવાની શરૂઆત અને અંતિમ તારીખઃ બિડિંગ પ્રક્રિયા www.ireps.gov.in પર 08.02.2026ના રોજ 18.10 કલાકથી શરૂ થશે અને 02.03.2026ના રોજ 15:00 કલાક સુધી ચાલશે. ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તારીખ 02.03.2026 ના રોજ 15:30 કલાકે. નોંધઃ જો કોઈ શુદ્ધિપત્ર અથવા વધારાની માહિતી હશે, તો તે માત્ર DFCCILની વેબસાઈટ અને www.ireps.gov.in પર જ પ્રસિદ્ધ કરવામાં આવશે.

Dy.PM/Civil/BRC
DFCCIL/સુરત

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in

**જાહેર વિજ્ઞપ્તિ**

ભારત સરકારશ્રીના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા "સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૫-૨૬" અંતર્ગત વડોદરા શહેરનો સર્વે હાથ ધરવામાં આવનાર છે. વડોદરા શહેર ઓપન ડેફીકેશન ફ્રી સીટી માટેનું "Water+ સર્ટીફીકેટ" ધરાવે છે. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ અંતર્ગત વડોદરા શહેર ""સ્ટાર રેટિંગ" મેળવવા માટેના સફાઈ અને ઘન કચરાના વ્યવસ્થાપન માટેના તમામ મુદ્દાઓની તથા ""વોટર પ્લસ સર્ટીફીકેશન" મેળવવા માટેના તમામ મુદ્દાઓની પૂર્તતા કરે છે. રાજ્ય સરકારશ્રીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન આ અંગે અરજી આપવા માટે કાર્યવાહી કરી રહેલ છે. જે અન્વયે શહેરનાં તમામ નાગરિકો/સંસ્થાઓ પાસેથી વાંધા/સૂચનો મંગાવવામાં આવે છે.

નાગરિકો/સંસ્થાઓ દ્વારા તેઓના વાંધા/સૂચનો આ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૧૫ સુધીમાં નીચેના સરનામે મોકલવાના રહેશે.

સરનામું: સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, તાંબેકરનો વાડો, રાવપુરા,વડોદરા મહાનગરપાલિકા, વડોદરા-૩૯૦૨૦૯.

પી.આર.ઓ.નં : ૧૨૧૭/૨૫-૨૬ મ્યુનિસિપલ કમિશનર

**એલકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ**
IKF Home Finance
ઈક્વિનોક્સ બાય ફોનિક્સ-ટાવર 3, 10મો માળ, ડાયમંડ હિલ્સ, લુમ્બિની એવન્યુ, રાય દુર્ગ, ગચીબોલી, હૈદરાબાદ, તેલંગાણા - 500081

**સ્થાવર મિલકત માટે કબજા નોટિસ [(પરિશિષ્ટ IV) નિયમ 8(1)]**

જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (2002ના 54) હેઠળ એલકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ (ત્યારબાદ "એલકેએફ" તરીકે ઓળખાય છે)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 3 સાથે વંચાણમાં લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાની રૂએ, નીચે દર્શાવેલ તારીખે કલમ 13(2) હેઠળ માંગણી નોટિસ જારી કરી હતી, જેમાં દેવાદારો (નીચે જણાવેલ નામો)ને સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ અને તેના પરના વ્યાજની ચુકવણી કરવા જણાવવામાં આવ્યું હતું.
નીચે જણાવેલ દેવાદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદારોને અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 સાથે વંચાણમાં લેતા કલમ 13 ની પેટા-કલમ (4) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે.
ખાસ કરીને અહીં ઉલ્લેખિત દેવાદારો અને સામાન્ય જનતાને આથી સાવધ કરવામાં આવે છે કે, તેઓ સદર મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરે અને મિલકત સાથેના કોઈપણ વ્યવહાર બદલ "એલકેએફ" ની નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજનો બોજો રહેશે.

| અ. નં. | દેવાદાર(ઓ) / જામીનદાર(ઓ) ના નામ અને LAN | સિક્યોર્ડ એસેટ્સનું વર્ણન (સ્થાવર મિલકત) માંગણી | નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | લોન એકાઉન્ટ નં (LAN): LNBRC00621-220003503 LNCLB00721-220003923 1. શ્રી/શ્રીમતી કેસરીસિંહ પ્રભાતસિંહ પરમાર 2. શ્રી/શ્રીમતી સુરેખાબેન કેસરીસિંહ પરમાર સરનામું (ક્રમ 1, 2 અને 3 માટે): 260, મારુતિ કોમ્પ્લેક્સ, વાઘોડિયા એસ.ઓ., વડોદરા, ગુજરાત, (ભારત) - 391760.અન્ય સરનામું (ક્રમ 1 અને 2 માટે): ફ્લેટ નં. 206, બીજો માળ, મારુતિ કોમ્પ્લેક્સ, વાઘોડિયા જી.આઈ.ડી.સી. સામે, વાઘોડિયા રોડ, વાઘોડિયા, વડોદરા - 391760. | બિનખેતી પ્લોટની જમીનનો તમામ હિસ્સો અને ભાગ, જે મોજે વાઘોડિયા, વડોદરા ખાતે આવેલ છે, જેનો રેવન્યુ સર્વે નં. 1102 પૈકી 2 છે, જે મારુતિ કોમ્પ્લેક્સ, બીજો માળ, રૂમ નં. 206 તરીકે ઓળખાય છે. ક્ષેત્રફળ આશરે 28.34 ચો.મી. એટલે કે 305 ચો.ફૂટ. રજીસ્ટ્રેશન જીલ્લો અને સબ-ડીસ્ટ્રીક્ટ વાઘોડિયા, જીલ્લો વડોદરા-391760. તેના પર થયેલા બાંધકામ સાથે. સીમાઓઃ ઉત્તરઃ રૂમ નં. 205, દક્ષિણઃ રૂમ નં. 207, પૂર્વઃ ખુલ્લી જગ્યા, પશ્ચિમઃ કોમ્પ્લેક્સનો પેસેજ. | 20.09.2025 13.10.2025 રૂ. 8,00,578.92/- (અંકે રૂપિયા આઠ લાખ પાંચસો અઠ્યોત્તેર અને બાણું પૈસા પૂરા) | 19.02.2026 |

સ્થળઃ વડોદરા, ગુજરાત
તારીખઃ 19.02.2026

સહી/-
અધિકૃત અધિકારી
એલકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ વતી

**આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**
Aadhar Housing Finance Ltd
**કોર્પોરેટ ઓફિસઃ** યુનિટ નં. 802, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - 400069.
**દાહોદ શાખાઃ** સી.એસ. નં. 58, એસ.એફ. 2, નિલકંઠ એપાર્ટમેન્ટ, બેંક ઓફ બરોડાની ઉપર, ગોદી રોડ, દાહોદ - 389151 (ગુજરાત).

**પરિશિષ્ટ IV - કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જ્યારે, અહીં નીચે સહી કરનાર 'સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002' હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી હોવાના નાતે અને કલમ 13(12) સાથે વંચાણે લેતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે જણાવેલ લોનધારક(કો)/જામીનદાર(કો)ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ જારી કરી હતી.
લોનધારક રકમ પરત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી લોનધારક(કો) / જામીનદાર(કો) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અહીં નીચે સહી કરનારે સદરહુ અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (4) સાથે વંચાણે લેતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે.
લોનધારકનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં કલમ 13ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. ખાસ કરીને લોનધારક અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરવા સાવચેત કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર AHFLની નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.

| ક્રમ | લોનધારક(કો) / સહ-લોનધારક(કો) ના નામ (શાખાનું નામ) | સુરક્ષિત અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત) | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 38110000122 / દાહોદ શાખા) રાકેશભાઈ શાંતિલાલ મારુ (લોનધારક) લક્ષ્મીબેન મારુ (સહ-લોનધારક) | મિલકતનો તમામ ભાગ અને પાર્સલઃ ગ્રાઉન્ડ ફ્લોર હાઉસ નં. 145/1, વાલ્મિકીવાસ, જૂનો ઈન્દોર હાઈવે રોડ, કટવારા, દાહોદ, ગુજરાત - 389151. સીમાઓઃ પૂર્વ - મનુભાઈ મારુનું મકાન ,પશ્ચિમ - રોડ, ઉત્તર - રોડ,દક્ષિણ - રોડ. | 12-04-2025 & ₹ 6,67,444/- | 20-02-2026 |

સ્થળઃ ગુજરાત
તારીખઃ 24-02-2026

અધિકૃત અધિકારી,
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

**આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**
Aadhar Housing Finance Ltd
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. ૮૦૨, નટરાજ રુસ્તોમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ.વી. રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૯.
દાહોદ શાખાઃ સી.એસ. નં. ૫૮, એસ.એફ. ૨, નીલકંઠ એપાર્ટમેન્ટ, બેંક ઓફ બરોડાની ઉપર, ગોદી રોડ, દાહોદ ૩૮૯૧૫૧, ગુજરાત.

**ઈ-હરાજી - વેચાણ નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની જોગવાઈ સાથે વંચાણે લેતા.
જાહેર જનતાને અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ)ને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ગીરો મૂકવામાં આવેલ છે, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. આ મિલકત " જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે કંઈ પણ છે"ના ધોરણે કોઈપણ જાણીતા બોજા વગર વેચવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છેઃ

| ક્રમ નં. | દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)/ જામીનદાર(ઓ) | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઈસ (RP) | EMD (RP ના ૧૦%) | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૩૮૧૧૦૦૦૦૧૨૨/ દાહોદ શાખા) રાકેશભાઈ શાંતિલાલ મારુ (દેવાદાર), લક્ષ્મીબેન મારુ (સહ-દેવાદાર) | 12-04-2025 & ₹ 6,67,444/- | મિલકતનો તમામ હિસ્સો અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર હાઉસ નં. ૧૪૫/૧, વાલ્મિકીવાસ, જૂનો ઈન્દોર હાઈવે રોડ, કટવારા, દાહોદ, ગુજરાત ૩૮૯૧૫૧. સીમાઓઃ પૂર્વ - મનુભાઈ મારુનું ઘર, પશ્ચિમ - રોડ, ઉત્તર - રોડ, દક્ષિણ - રોડ. | Rs. 6,20,400/- | Rs. 62,040/- | સાંકેતિક |

૧. અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)નો ડિમાન્ડ ડ્રાફ્ટ (DD), KYC, ટેન્ડર ફોર્મ અને સ્વીકૃત નિયમો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) સબમિટ કરવાની છેલ્લી તારીખ ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ઉપર જણાવેલ શાખા કચેરીના સરનામે અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાની રહેશે. છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડર દસ્તાવેજો અમાન્ય ગણાશે અને તે મુજબ નકારવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
૨. મિલકત માટે બિડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ) ૩૧-૦૩-૨૦૨૬ના રોજ https://bankeauctions.com પર સવારે ૧૦:૦૦થી ૧૧:૦૦ વાગ્યા દરમિયાન છે.
૩. ઉપર જણાવ્યા મુજબ મિલકત પર બાકી રહેલી કોઈપણ જવાબદારીઓ માટે AHFL જવાબદાર નથી. મિલકતની હરાજી "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે કંઈ પણ છે"ના ધોરણે કરવામાં આવશે.
૪. ડિમાન્ડ ડ્રાફ્ટ માત્ર 'આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ 'ના પક્ષમાં હોવો જોઈએ.
૫. હરાજી/બિડિંગ માત્ર વેબસાઇટ https://bankeauctions.com દ્વારા "ઓનલાઇન ઇલેક્ટ્રોનિક બિડિંગ" મારફતે કરવામાં આવશે. બિડર્સને વિનંતી છે કે ઈ-હરાજી વેચાણ પ્રક્રિયામાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઇટ જોવી.
૬. ઈચ્છુક બિડર્સે પોર્ટલ M/s C 1 INDIA PVT LTD પર લિંક https://bankeauctions.com/registration/signup દ્વારા તેમના નામ નોંધાવવા જોઈએ અને તેમનો યુઝર આઈડી અને પાસવર્ડ વિનામૂલ્યે મેળવવો જોઈએ. સંભવિત બિડર સર્વિસ પ્રોવાઈડર M/s C 1 INDIA PVT LTD પાસેથી વેબસાઈટ https://bankeauctions.com દ્વારા ઈ-હરાજી અંગે ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.
૭. વધુ વિગતો માટે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી, અમિતકુમાર સોની (સંપર્ક નં. ૯૯૧૩૩૩૩૨૧૪) અથવા સર્વિસ પ્રોવાઇડર M/s C1 INDIA PVT LTD, મિસ્ટર પ્રભાકરણ, મોબાઈલ નં: +૯૧-૭૪૧૮૨-૮૧૭૦૯, ઈ-મેલઃ tn@c1india.com અને support@bankeauctions.com, ફોન નં. +૯૧૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬નો સંપર્ક કરો. આજની તારીખે, AHFL/AHFL ના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો/સિક્યોર્ડ એસેટ્સના વેચાણ, હસ્તાંતરણ અને/અથવા નિકાલ કરતા અટકાવતો કોઈ સ્ટે ઓર્ડર અને/અથવા કોર્ટનો મનાઈ હુકમ નથી.
૮. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL), સુરક્ષિત લેણદારની વેબસાઇટ એટલે કે www.aadharhousing.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.
૯. હરાજી માટે બિડમાં વધારો કરવાની રકમ (Incremental amount) રૂ. ૧૦,૦૦૦/- છે.
૧૦. આ સમાચાર પત્ર પ્રકાશન અને તેમાં રહેલી માહિતી સામાન્ય જનતાના પ્રસાર માટે છે. આ સામગ્રીનું કોઈપણ પુનઃઉત્પાદન, વિતરણ, પ્રસારણ અથવા પુનઃપ્રકાશન, સંપૂર્ણ અથવા આંશિક રીતે, કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમથી, પ્રિન્ટ, ડિજિટલ, ઇલેક્ટ્રોનિક પ્રકાશન, ઈ-મેલ અથવા વેબ પ્રકાશનો દ્વારા સખત પ્રતિબંધિત છે. કોઈપણ મોડ દ્વારા ઉપરોક્ત સામગ્રીનો કોઈપણ અનધિકૃત ઉપયોગ AHFL દ્વારા યોગ્ય કાયદેસરની કાર્યવાહીમાં પરિણમી શકે છે.

સ્થળઃ ગુજરાત
તારીખઃ ૨૪-૦૨-૨૦૨૬

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ